| | |
|---|---|
| કેસ રજુ તા. | ૨૧/૦૨/૨૦૨૪ |
| કેસ રજી તા. | ૨૧/૦૨/૨૦૨૪ |
| કેસ ફેસલ તા. | ૨૩/૦૪/૨૦૨૬ |
| સમય ગાળો ૦૨ વર્ષ ૦૨ માસ ૦૨ દિવસ | |

**ધોળકાના એડીશનલ જ્યુડી.મેજી. ફર્સ્ટ કલાસ**
**શ્રી પી.એમ.જોષી સાહેબની કોર્ટમાં, મુ.ધોળકા,જિ.અમદાવાદ**

**ફોજદારી પરચૂરણ અરજી નં.: ૯૩/૨૦૨૪**

**આંક :**

(૧) **આશાબેન અજયભાઈ રાણા**
**ઉ.વ: પુખ્ત , ધંધો:ઘરકામ, ધર્મે:હિન્દુ**
(૨) **સગીર ધારા અજયભાઈ**
ઉ.વ: ૧૭, ધર્મે:હિન્દુ
બંને હાલ રહે: ૬૭,મુકતાબા સોસાયટી,મધીયા ચાર રસ્તા
ચોકડી પાસે, મુ.તા.ધોળકા,જી.અમદાવાદ. .....**અરજદાર**

**–:: વિરૂધ્ધ ::–**

(૧) **અજયભાઈ રણછોડભાઈ રાણા (પતિ)**
(૨) **હંસાબેન રણછોડભાઈ રાણા (સાસુ)**
(૩) **જયોતિબેન રાજેશભાઈ રાણા (નણંદ)**
(૪) **પ્રિયાબેન વસંતભાઈ રાણા (નણંદ)**
તમામ રહે.૬૬૧,લાકડીયા શેરી,બુનીયાદી હોસ્ટેલની સામે,
મુ.તા.ધોળકા,જી.અમદાવાદ.
(૫) **પરીખ વૈભવી રવિન્દ્રભાઈ**
રહે.૬૯૩,મહાલક્ષ્મી માતાની પોળ,
મુ.તા.ધોળકા,જી.અમદાવાદ. ....**સામાવાળા.**

બાબત : કૌટુંમ્બીક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની
કલમ–૧૨ હેઠળની અરજી ધ્વારા કલમ–૧૮,૧૯,૨૦,૨૨ મુજબની ફરિયાદ.

અરજદાર તરફે : વિ.વ.શ્રી એસ.જે.સૈયદ
સામાવાળાઓ તરફે : વિ.વ.શ્રી ઝેડ.ટી.પઠાણ

---

**-:: ઠરાવ ::-**

(૧) આ કામે અરજદારોની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે આશરે ૨૩ વર્ષ પહેલા હિન્દુ શાસ્ત્રોકત વિધી અને સમાજના રીતી-રિવાજ મુજબ ખોડીયાર માતાજીના મંદિર, સાત બહેનોની ટેકરી પાસે ભાવનગર મુકામે થયેલા. લગ્ન કરીને તેઓના પતિ તેઓની માતાના ઘરે ''ઘરજમાઈ'' તરીકે રહેવા માટે તેઓના પિયર ધોળકા મુકામે રહેવા આવેલા. શરુઆતમાં થોડા સુધી તેઓનું લગ્નજીવન સારી રીતે ચાલેલું. તેઓના સાસુ અને પરીવાર પણ ધોળકા રહેવા આવેલ. તા.૨૯/૧/૨૦૦૩ માં મોટા પુત્ર રાજવીરનો જન્મ થયેલો ત્યારબાદ તા.૩૦/૧૦/૨૦૦૫ બીજા પુત્ર રાજવીરનો જન્મ થયેલ. ત્યારબાદ તા.૨૫/૦૮/૨૦૦૭ માં પુત્રી ધારાનો જન્મ થયે એમ કુલ ત્રણ સંતાનો થયેલ. તેઓના સાસુ અને નણંદો પણ ધોળકા ખાતે રહેતા હોઇ અવાર-નવાર તેઓની માતાના ઘરે જયાં તેણી તેણીના પતિ સાથે રહેતા ત્યાં આવીને તેણીને મેણા ટોણા મારતા કે '' તુ તો ભિખારી ઘરની છુ તારી મા એ દહેજમાં કંઇ આપ્યું નથી'' તું એકની એક દિકરી હોવા છતાં તારી મા એ તને રસોઇ બનાવતા પણ શીખવાડયું નથી. એમ કહી વારંવાર ઝઘડા કરતા મારઝુડ કરતા અને ગંદી ગાળો બોલી બધા ભેગા થઈને ઢોર માર મારતા. તેઓના પતિ '' દારૂ'' નો ધધો કરતા હોવાથી રૂા.૩,૦૦,૦૦૦/- લાખની દારૂના ધંધા માટે વારંવાર માંગણી કરતા હતા અને તેઓને બધા ભેગા થઇ ધમકી આપતા કે તારી માં ને કહે રૂા.૩,૦૦,૦૦૦/- આપે નહી આપે તો તને અને તારા બાળકોને જાનથી મારી નાંખીશું તેમજ ટેલીફોન અને રૂબરૂમાં ધમકી આપતા હતા. તેઓને પિયરમાં બાપ કે ભાઇ કોઇ ના હોવાથી તેઓ તેઓના બાળકોના ભવિષ્ય માટે સાસરીવાળા બધાના મેણાટોણા સહન કરતા હતા તેઓના પતિ દારૂના વ્યસન હોવાથી દારૂ પીને તેઓને ઢોર માર મારતા અને ગંદી ગાળો અને મેણા ટોણા મારતા હતા. તેણીના પતિ ગેરકાયદેસર મોટા પાયે દારૂનો ધંધો કરે છે તેથી તેઓની ઉપર એકથી અનેક કેસો ધોળકા કોર્ટમાં થયેલા છે. હાલમાં કેસ

પેન્ડીંગ છે. ધોળકા કોર્ટમાં સી.સી.નં.૨૯૫૯/૨૦૨૩, સી.સી.૨૯૭૩/૨૦૨૩ થી કેસો થયેલા છે. જે ધોળકા કોર્ટમાં પેન્ડીંગ છે તથા ન્યુઝ પેપર્સમાં દારૂનો જથ્થો પકડાયો હતો તેની નકલ પણ સામેલ છે. તેણીના પતિ તેણીને તથા તેણીના બાળકોનું જીવન જરૂરીયાતની વસ્તુઓ લાવી આપતા ન હતા તેઓ તેણીના પતિને વારંવાર સમજાવતા કે તમે દારૂના ધંધાથી બાળકો ઉપર ખોટી–ખરાબ અસર પડે તે પડે તે પડવા દે અને તારાથી થાય તે કરી લે હુ મરૂ ત્યાં સુધી દારૂ અને દારૂનો ધંધો છોડીશ નહી, ગંદી ગંદી ગાળો બોલી તેણીના ઢોર માર મારતા. તેણીના પતિ પરસ્ત્રીઓ સાથે અનૈતિક સંબંધો ધરાવે છે હાલમાં પરીખ વૈભવી રવિન્દ્રભાઇ સાથે લીવ ઇન રીલેશન શીપ કરાર કરેલ છે અને હાલ તેમની સાથે રહે છે તેણીનો સંપુર્ણ ત્યાગ કરી વૈભવીબેન રવિન્દ્રભાઇ પરીખ સાથે અલગ રહે છે. હાલમાં વૈભવીબેન તેણીના પતિના સહશયનથી પ્રેગનેન્ટ રહેલ છે. તેણીના પતિ તેણીના ત્રણેય સંતાનો અને તેણીનો ત્યાગ કરી વૈભવીબેન સાથે સુખથી રહે છે જયારે તેણી નિરાધાર અને ઓશીયાળુ જીવન વ્યતીત કરે છે.

વધુમાં તેણીના પતિએ તેણીના ભોળપણનો ફાયદો ઉઠાવી '' સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા'' ધોળકા શાખાનો ચેક નં.૯૭૪૯૯૦ નો તેણીના પતિ ચોરી ગયેલ છે તથા અન્ય એક ચેક પણ તેણીના પતિ તેણીના ચેકબુકમાંથી ચોરી ગયેલ છે. તેણીનો એવો ડર છે કે ઉપર જણાવેલ ચેકનો તેણીના પતિ તેણીની વિરૂધ્ધ્ દુરઉપયોગ કરશે કરાવશે.

તેણીના પતિને નાણાની જરૂર પડતા તેઓ '' બેંક ઓફ ઇન્ડીયા'' માં તેણીના સ્ત્રીધનમાં સોના દાગીનામાં સોનાની કડી નંગ–૩, ઝુમ્મર બુટ્ટી સોનાની નંગ–૨ જોડ, સોનાની બુટ્ટી બે જોડી તેણીના બધાના સોનાના દાગીના (અમારૂ સ્ત્રીધન) ગીરવે મુકેલ છે.

તેણીના પતિને વધુ નાણાની જરૂર પડતા  તિરૂપતિ બાલાજી ક્રેડીટ એન્ડ સપ્લાય મંડલીમાં તેણીના સ્ત્રીધનમાં ચાંદીના દાગીનામાં સાંકળા નંગ–૧ જોડ, કે કંદોરો નંગ–૧ કેડનો જુડો નંગ–૧ લકી નંગ–૧ ગીરવે મુકેલ છે જેનુ બાંયેધરી પત્ર તા.૧૨/૦૯/૨૦૨૩ ના આપેલ છે.

આ સિવાય તેઓનું એકટીવા રજી.નં.જીજે–૩૮–એ.સી–૬૧૭૭ એક બાઇક રજી.નં.૩૭૩૪ જે તેણીના નામ પર લીધેલ છે તથા રૂા.૫૦,૦૦૦/– ની ફીકસ ડીપોઝીટ

કરેલ છે. ઉપર જણાવ્યા પ્રમાણેના સોના ચાંદીના દાગીના, વાહન વિગેરે તેણીની પાસેથી છીનવી લીધેલ છે.

તા.૧૨/૦૯/૨૦૨૩ ના રોજ રૂ.૩૦૦/– સ્ટેમ્પ પેપર ઉપર તેણીના પતિએ બાહેધરી પત્ર નોટરાઇઝ કરાવીને અપીલ છે. તેણીના પતિની આશરે ૩૫,૦૦૦/– આવક છે તેણીના પતિ ડુંગલી બટેકાનો મોટા પાયે વેચાણ કરે છે બીજું કે માથાભારે વ્યકિત તરીકે ઓળખાય. દારૂનો મોટો પાયે ધંધો કરતા હોવાથી પોલીસ ખાતામાં તથા રાજકારણમાં સારી એવી વટ ધરાવે છે.

તેણીના પતિ પરીખ વૈભવીબેન રવિન્દ્રબેન સાથે લીવ ઇન રીલેશનશીપ કરાર કરેલ છે તેમના શારીરીક જીવનથી વૈભવીબેન હાલમાં પ્રેગનેન્ટ છે અને તેઓને તરછોડીને તેમની સાથે જીવન જીવે છે. તેણી સાવ એકલી અટુલી પડી ગઇ છે. તેણીના વૃધ્ધ માતા પિતા સિવાય તેણીનો કોઇ આધાર નથી. તેણી સાવ નિરાધાર અને ઓશીયાળું જીવન જીવે છે. તેણીને ન્યાય અપાવવા નમ્ર અરજ ગુજારેલ છે. તેણીના પતિ રોજના રૂ.૩૫,૦૦૦/– થી વધારે આવક ધરાવે છે.

આમ ઉપરોકત હકીકત જણાવી હાલની અરજીના અનુસંધાને રજુ થયેલ DIR ના પેરા નં.૧૫, ૧૬ ની વિગતે આ કાયદાની કલમ–૧૮ મુજબ રક્ષણ અપાવવા, તેમજ કલમ–૧૯ મુજબ તેણીને રહેવા માટે એક મકાન લઈ આપે અથવા મકાન ભાડું ચુકવી આપવા, તેમજ આ જ કાયદાની કલમ–૨૦ મુજબ માસિક ભરણપોષણની રકમ પેટે અરજદાર તથા સગીર બાળકીના ખોરાક, કપડા ઔષધ અને સામાન્ય જરૂરીયાતોની માસિક રકમ રૂ.૫૦,૦૦૦/–અરજી કર્યા તારીખથી દર માસે ચઢે ચઢયે નિયમતી રીતે ચુકવી આપે તેવો હુકમ કરવા તેમજ અરજીનું ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા તેમજ સામાવાળા એ અરજદાર ઉપર ગુજારેલ શારીરીક માનસિક ત્રાસના વળતર રૂપે રૂ.૫,૦૦,૦૦૦/– તથા તબીબી ખર્ચ રૂ.૧,૦૦,૦૦૦/– વળતરની રકમ સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા તેમજ સામાવાળા નં.૧ એ અરજદારની જીંદગી સાથે અન્યાય કરેલ હોઈ વળતર રૂપે ઉચ્ચક ૨ કરોડ (અંકે રૂપીયા બે કરોડ) પુરા ચુકવે તેવો કલમ–૨૨ હેઠળ હુકમ કરવા તેમજ સામાવાળાઓ અરજદારને પોતાની જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો વિગેરે

દ્વારા કોઈપણ રીતે હેરાન પરેશાન કરે/કરાવે નહી કે મારઝુડ કરે/કરાવે નહી કે પારીવારીક હિંસા થાય તેવું કોઈપણ પ્રકારનું કૃત્ય કરે/કરાવે નહી તેવો ન્યાયના હિતમાં અરજદારના લાભમાં તેમજ સામવાળા વિરુધ્ધ હુકમ કરવા અરજ ગુજારેલ છે. વધુમાં અરજદારની રજુઆત છે કે સામાવાળાએ તેણી કાઢી મુકયા બાદ તેણીના માસિક ભરણપોષણની કે અન્ય કોઈ જવાબદારી અદા કરેલી નથી અને તેથી ઉપરોકત જણાવ્યા મુજબનો હુકમ તેઓની તરફેણમા કરવા વિનંતી કરેલી છે.

**(૨)** અરજદારની અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ બજી જતાં સામાવાળાએ આંક–૦૫ થી લેખીત જવાબ રજુ કરી અરજદાર સાથે લગ્ન સંબંધેની હકીકત તથા અરજદારના નામ સરાનામા ઉંમર અંગે જે વિગતો જણાવેલ છે તે તથા તેઓના બાકળોની વિગતો સાચી હોવાનું જણાવેલ છે તે સિવાયની તમામ હકીકતનો ખોટી હોવાનું જણાવી ખરી હકીકત જણાવી છે કે, સદર કામના અરજદાર સામાવાળા નં.૧ પર પોતાની મનમાની કરતાં હોય અને કારણ વગર ઝઘડાઓ કરતાં હોય.જેના કારણે સામાવાળા તેઓના માતા પિતા સાથે રહેવા જતાં રહેલા હોય જેના કારણે આ કામના અરજદાર એકલા પડી ગયેલા હોય જેના કારણે સામાવાળા તથા અન્ય લોકો પર ખોટા આક્ષેપો કરે છે. આ કામના સામાવાળા નં ર નાઓ તેઓના માતા થાય છે. જેઓ ધોળકામાં તેઓથી અલગ મકાન લઈને રહે છે તથા સામાવાળાનં ૩,૪ તેમના બહેનો થાય છે. અને જેઓના લગ્ન થઈ ગયેલા છે અને તેઓ પોતાની સાસરીમાં રહે છે. જેઓ ક્યારેય કામકાજ સિવાય તેઓની માતાને ત્યાં આવતાં નથી અને તેઓના લગ્ન બાદ તેઓને તેમની સાથે કોઇ પણ જાતનો સંબંધ રહેલ નથી તેમ છતાં તેઓના પર જે આક્ષેપો કરવામાં આવેલા છે તે ખોટા અને પાયાવિહોણા છે. અરજદારે જે પ્રકારના આક્ષેપો કરેલા છે તે મુજબનુ કોઈપણ કુત્ય આ કામના સામાવાળા નં ૨,૩,૪ નાઓએ કરેલ નથી અને તેઓના લગ્નથી જ અરજદાર તથા સામાવાળા અલગ રહેતાં હોય તેઓને તેમની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ હતા નહી જેથી મહેણા ટોણા મારવાનો કે દહેજ બાબતનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.વધુમાં તેઓ સામાવાળા ઉપર જે દારૂના કેસ બતાવેલા છે **તેવા કોઇ કેસ તેઓની સામે હાલમાં ચાલતા નથી કે હાલમાં તેઓ કોઇ દારૂનો ધંધો પણ કરતાં નથી કે તેઓની પાસે કોઇ હાલમાં ધંધો પણ નથી અને જે આવક બતાવેલ છે તે મુજબની કોઇ પણ પ્રકારની આવક તેઓ** મેળવતાં

નથી. તેઓ પર જે આક્ષેપો કરવામાં આવેલા છે તેના કોઇ દસ્તાવેજી પુરાવા ધંધાના અરજદાર દ્વારા મુકવામાં આવેલા નથી કે તેઓ ડુંગરી–બટાકાનો ધંધો કરીને મહિને ૩૫.૦૦૦/– આવક મેળવે છે તેવો કોઇ દસ્તાવેજી પુરાવો સદર અરજી સાથે મુકેલ નથી. હાલમાં સામાવાળા નં ૧ નાઓ બેરોજગાર છે અને કોઇપણ પ્રકારનું કામકાજ કરતાં નથી અને તેઓના પુખ્ત બાળકો હાલમાં આ કામના અરજદાર સાથે રહેતા હોય તેઓ કમાયીને તમામ કમાણી અરજદારને આપે છે અને તેઓને કોઈપણ પ્રકારની આવક બાળકો દ્વારા આપવામાં આવતી નથી. વધુમાં અરજદાર દ્વારા તેઓ પર જે આક્ષેપો સોના–ચાંદીના દાગીનાના કરેલા છે તે દાગીના અરજદાર દ્વારા જ ગીરવે મુકેલાં છે અને જે દાગીના **<u>અરજદારના દિકરાને દારૂના કેસમાંથી</u>** છોડાવવા માટે જાતે આ કામના અરજદાર દ્વારા સામાવાળાને લઈ જઈને દાગીના ગીરવે મુકેલ છે અને તે રૂપિયાથી જ આ કામના અરજદાર દ્વારા પોલીસનો વહીવટ કરેલો હતો અને ત્યારબાદ અરજદાર દ્વારા સામાવાળાનાઓ પર ચોરીનો આક્ષેપ મુકેલ અને જેના કારણે ઘરમાં રોજ ઝઘડા કરતા હતા અને જેના કરણે સામાવાળાનાઓ તેઓના માતાને ત્યાં રહેવા જતાં રહેલા તેમ છતાં આ કામના અરજદાર દ્વારા સામાવાળાને રસ્તામાં મલે તો પણ ગંદી ગાળો બોલતા અને ઝઘડો કરતાં અને જે બાબતની આ કામના **<u>અરજદાર દ્વારા સામાવાળા પર પોલીસ સ્ટેશનમાં અરજી પણ કરેલ હતી અને જે બાબતે તેઓએ જામીન પણ લીધેલા.</u>** વધુમા સામાળાવાએ જણાવેલ કે સામાવાળાનાઓ દારૂ પીવાની ટેવ વાળા ના હોવા છતાં તેઓ પર ખોટા આક્ષેપો કરેલા છે અને મારઝુડ કરતા હોય તે હકીકત અરજદાર દ્વારા ખોટી જણાવેલ છે અને આ કામના સામાવાળા નં ૩–૪ નાઓ તેઓના બહેનો થાય છે અને તેઓ બન્નેને પરણાવી દીધેલા હોય તેઓ પોતાની સાસરીમાં રહે છે અને તેઓએ ક્યારેય આ કામના સામાવાળા નાઓ સાથે વાતચીત કરેલ નથી કે કયારેય ઝઘડો કરેલ નથી કે મહેણા ટોણા પણ મારેલ નથી તેમ છતાં પણ તેમના પર આ કામના અરજદાર દ્વારા ખોટા આક્ષેપો કરેલાં છે. જે તદન ખોટા છે. આવો કોઇ બનાવ ક્યારેય બનેલ નથી કે સામાવાળા નં ૩.૪ નાઓએ અરજદારને મળેલા પણ નથી તેઓ સાથે કામ સિવાય ક્યારેય વાત પણ કરેલ નથી.**<u>વધુમા જણાવવાનુ કે આ કામના અરજદાર પોતે સામાવાળા નાઓ પાસે દારૂનો ધંધો કરાવતા હતાં અને તેઓ પોતે જાતે જઇને વકીલ તથા પોલીસનો વહીવટ કરતાં હતાં અને સામાવાળાનાઓને પણ અરજદારનાઓ છોડાવતાં હતાં.</u>** આમ જે આક્ષેપો સામાવાળા નં ૧ પર કરેલા છે. તે અરજદાર દ્વારા ખોટા કરવામાં આવેલા છે.આમ આ કામના અરજદાર દ્વારા

સદર અરજી ૨૩ વર્ષ બાદ કરવામા આવેલ હોય અને જે કાયદાની સમયમર્યાદા બહારની હોય જેથી રદ થવાને પાત્ર છે. જેથી અરજદારની હાલની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) (અ) અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: અરજદાર તરફે મૌખીક પુરાવાઓ ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | અરજદાર આશાબેન અજયભાઈ રાણાની પત્નીનું સરતપાસનું સોગંદનામું | ૦૬ |

**:: અરજદાર તરફે દસ્તાવેજી પુરાવાઓ ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | બાંહેધરી પત્રક | ૧૮ |
| (૨) | લીવ ઈન રીલેશનશીપનો કરાર | ૧૯ |

અરજદાર ધ્વારા આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો નથી તેમ જણાવી આંક–૨૦ થી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(બ) સામાવાળા તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: સામાવાળા તરફે મૌખીક પુરાવાઓ ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | સામાવાળા નં.૧ અજયભાઈ રણછોડભાઈ રાણાનું સરતપાસનું સોગંદનામું | ૨૪ |

## :: સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવાઓ ::

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | સી.સી.નં.૨૯૭૩/૨૦૨૩ ના હુકમની નકલ | ૨૬ |

સામવાળા દ્વારા આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો નથી તેમ જણાવી આંક–૨૯ થી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૪)** અરજદારના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી. જયારે સામવાળા તરફે આંક–૩૨ થી લેખીત દલીલો રજુ કરેલ છે. જે વંચાણે લીધી.

**(૫)** સદરહુ અરજીના ન્યાયિક નિર્ણય સારૂં નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર/વ્યથિત પક્ષકાર ઘરેલું હિંસાનો ભોગ બનેલ છે ?

૨. શું અરજદાર/વ્યથિત પક્ષકાર માંગ્યા મુજબની સદર કાયદાની કલમ–૧૮, ૧૯, ૨૦ અને ૨૨ મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૩. શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **અંશતઃહકારમાં**

મુદા નં.(૨) : **અંશતઃ હકારમાં.**

મુદા નં.(૩) : **આખરી હુકમ મુજબ**

## // નિર્ણય માટેના કા ર ણો //

**મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા:–**

(૭) હાલની અરજી અરજદારે કૌટુંબિક હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ–૨૦૦૫ (જેને હવે પછી દરેક જગ્યાએ સરળતા ખાતર "**આ કાયદા**" તરીકે ઓળખવામાં આવશે) ની કલમ–૧૨ મુજબ કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ હોય તેના હેઠળ મળી શકતી જુદી જુદી દાદ માંગેલ છે. સૌપ્રથમ આ કાયદાની કલમ–૧૨ મુજબની અરજી નકકી કરતા પહેલા એ નકકી થવું જરૂરી છે કે, અરજદાર આ કાયદાની કલમ–૨ જે વ્યાખ્યાયિત ખંડ કહેવાય તેમાં વ્યાખ્યા આપવામાં આવેલી છે. તે વ્યાખ્યાઓ પૈકી કલમ–૨(એફ) મુજબ કૌટુંબિક સંબંધની ચર્ચા કરેલ છે, જેમાં બે વ્યકિત કોઈ સંયુકત ઘરમાં સાથે રહેતા હોય અથવા કોઈપણ સમયે રહેલ હોય તથા લગ્નથી અથવા લગ્ન જેવા સંબંધ હોય અથવા દતકથી સંબંધ હોય અથવા સંયુકત કુટુંબમાં પરિવારના સભ્યો હોય અને સાથે રહેતા હોય તો તે બે વ્યકિત વચ્ચે કૌટુંબિક સંબંધ હોવાનું કહી શકાય. હવે અરજદાર અને સામાવાળાઓ કૌટુંબિક સંબંધમાં આવે છે કે નહીં તે વિચારવાનું રહે છે. ઉપરોકત અરજદારની અરજી અને રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી અરજદાર અને સામાવાળાઓ કૌટુંબિક સંબંધમાં હતા તેવું જણાવવામાં આવેલ છે અને તે હકીકતનું સામાવાળાઓ તરફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી. જેથી અરજદાર અરજીમાં જણાવ્યા અનુસાર અને આ કાયદામાં કલમ–૧૨ માં જણાવેલ છે તે મુજબ સામાવાળાઓ સાથે કૌટુંબિક સંબંધમાં છે તેવું જણાય આવે છે. કલમ–૨(એ) મુજબ ભોગ બનનારની વ્યાખ્યા છે તે મુજબ કોઈપણ સ્ત્રી જેનો સામાવાળાઓ સાથે કૌટુંબિક સંબંધ હોય અથવા હતો અને તેની સાથે સામાવાળાઓએ ઘરેલુ હિંસાનું કૃત્ય કરેલ હોય તેનો સમાવેશ થાય છે. ઉપરોકત બંને વ્યાખ્યાઓ ધ્યાને લેતાં અને તેનું અર્થઘટન કરતા અરજદાર અને

સામાવાળાઓ કૌટુંબિક સંબંધમાં હોવાનુ અને અરજદાર ભોગ બનનારની વ્યાખ્યામાં આવતા હોવાનુ જણાઈ આવે છે.

**(૭.૧)** આ તબકકે ઉપરોકત મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કાયદાની કલમ–ર(જી) માં કૌટુંબિક હિંસાનો અર્થ કલમ–૩ માં આપવામાં આવ્યો છે તે મુજબ થાય છે. સદર કલમમાં કૌટુંબિંક હિંસાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે, જેમાં શારીરિક, જાતિય, મૌખિક અને ભાવનાત્મક એમ જુદા જુદા પ્રકારે કૌટુંબિક હિંસાને આવરી લીધેલ છે અને આ કાયદાની કલમ–૩ મુજબ ફરિયાદી કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ છે કે કેમ ? તે નકકી કરવાનું રહે છે. જે અંગે અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, અરજદાર આશાબેન અજયભાઈ રાણાએ આંક–૦૬ થી સરતપાસના સોગંદ ઉપરના પુરાવામાં પોતાની અરજી મુજબની જ અક્ષરશ:હકીકતો દોહરાવેલ હોય પુનરાવર્તન કરવાનું યોગ્ય જણાતું નથી. આ હકીકત અંગે સામાવાળાઓ તરફે કરાયેલી ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ સામાવાળા ન.૧ સાથે ભાવનગર મુકામે કુલહાર આશરે ૨૦૦૧ કે ૨૦૦૨ મા થયેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સપ્તપદીના ફેરા ફરેલા નહીં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓને આ લગ્નની ચોકકસ તારીખ યાદ નથી. તેઓએ તેઓનું લગ્ન રજીસ્ટર કરાવેલ. તેમને ખ્યાલ નથી કે તેઓના લગનનુ રજીસ્ટેશન સર્ટીફીકેટ તેઓની પાસે છે કે કેમ.લગ્ન સમયે તેણીના પતિ અજયભાઈ શું કામ કરતા હતા તે હાલ તેણીને યાદ નથી. આ કામે પ્રોટેકશન ઓફીસરશ્રી ધ્વારા જે ફરીયાદ જે ફરીયાદ રજુ રાખવામાં આવેલ છે તેમાં પાના નં. ૨ પર વર્ષો ચેકીને મહીના લખેલ છે તે બતાવતા જણાવેલ કે તેણીએ આ કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓને ત્રણ બાળકો થયા તે સમયગાળા દરમ્યાન તેણીને સામાવાળા ન.૧ સાથે સારા સંબંધો હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સંપુર્ણ સારા સંબંધો હતા. સાહેદ જણાવે છે કે તકરારો થતી રહેતી હતી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીને બે નણંદો છે અને તે બન્નેના લગ્ન થયેલા છે અને તેઓ તેમની સાસરીમા રહે છે. તેણીના સાસુ હંસાબેનની હાલમા ઉમર આશરે ૬૫ વર્ષની છે. એ વાતનો સ્વિકાર કરેલ કે ધોળકામા મારા પતિના નામનુ માલીકીનુ કોઈ મકાન નથી. મારા સસરાના નામનુ છે. એ

વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીએ તેણીની ફરીયાદમા તેણીની સાસુ અને નણંદો તેણીને કોલમ નંબર ૯ મા જે શારીરિક અને માનસીક ત્રાસ આપતા તે હકીકત જણાવેલ છે તે બાબતે તેણીએ કોઈ પાડોશીઓના નામ તેણીની ફરીયાદમા જણાવેલ નથી તથા આ બાબતે તેણીએ જે તે સમયે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. સાહેદ જણાવે છે કે હાલમા ફરીયાદ કરેલ છે. સામાવાળા દારુનો ધંધો કરે છે તેની જાણ લગ્નબાદ કયારે થઈ તે પુછતા જણાવેલ કે તેણીનો સોથી મોટો બાબો આઠમા કે નવમામા ભણતો હતો ત્યારે તેણીને ખબર પડેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સામાવાળા તેણી પાસે દારુનો ધંધો કરવા રૂપીયા ત્રણ લાખની માંગણી કરતા અને તેણીને તથા તેણીના બાળકોને જાનથી મારી નાખવાની ધમકી આપતા તે બાબતે તેણીએ કોઈ પોલીસ કરીયાદ કરેલ નહી અને પોલીસનું કોઇ રક્ષણ પણ માંગેલ નહી. એ વાત નો ઈન્કાર કરેલ છે સામાવાળા પર દબાણ લાવવા તેણીએ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીના પતિને કોઈ દારૂના કેસમા સજા થઈ હોય તે અંગેનો તેણી પાસે કોઇ પુરાવો નથી. એ વાત નો ઈન્કાર કરેલ છે કે સામાવાળા વિરૂધ્ધ ખોટી ધારણા બંધાય તે હેતુથી સામાવાળા દારુનો ધંધો કરે છે તે હકીકત જણાવેલ છે. એ વાત નો ઈન્કાર કરેલ કે બાળકોનું પુરુ કરવા માટે તેણીએ કોઈ અંગત દેવુ કરેલ નથી. સાહેદ જાણાવે છે કે તેણીએ લોન લીધેલ છે. એ વાત નો સ્વીકાર કરેલ છે કે સામાવાળા દારુનો ધંધો નહી છોડવા અને તારાથી થાય તે કરી લે તેવી હકીકત તેણીએ ફરીયાદમા લખેલ છે તેની કોઈ તારીખ લખેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીની ફરીયાદમા બતાવેલ બનાવોની ચોકકસ તારીખ વાર સમય ફરીયાદમા લખેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીનું પીયર અને સામાવાળાઓનુ ઘર નજીક નજીક છે. **એ વાતનો સ્વિકાર કરેલ કે લગ્ન બાદથી પણ તેણી તેણીના માતાને ત્યા રહેતી હતી.** સાહેદ જણાવે છે કે તેણીના સાસુ તેણીને રહેવા દેતા નહોતા. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેણી તેણીની માતા પીતાની એક માત્ર સંતાન હોવાથી તેણીની માતાને સાચવવા તેમની સાથે રહેતી હતી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણી પીયરમા તેણી અને તેણીની માતા છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેણીની માતાને સાચવી શકે તે હેતુથી તેણીએ નજીકમા રહેતા સામાવાળા ન. ૧ સાથે લગ્ન કરેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીના નામે મારુતી સ્વીફ્ટ ગાડી હપ્તેથી લીધેલ છે. સાહેદ જણાવે છે કે તેણીના પતિએ તેણીના નામે લીધેલી અને તે ગીરવે મુકેલી અને ત્યાથી તે પરત ખેચાઈ ગયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે લોન પેટે તેણીના નામનો આપેલ રૂ. ત્રણ લાખનો ચેક ચુકવ્યા વિના

પરત ફરેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચેક પરત ફર્યા બાબતની નોટીસ તેણીને બજેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીનો ચેક ચોરી ગયા બાબતની તેણીએ કોઈ ફરીયાદ કરેલ નથી કે તે બાબતે બેન્કમા જઈ સ્ટોપ પેમેન્ટ પણ કરાવેલ નથી. સાહેદ જણાવે છે કે તેણીના પતિ અમદાવાદથી જે જગ્યાથી દારુ લાવતા ત્યા તેણીનો ચેક મુકી આવેલા. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેણી ફરીયાદમા જણાવેલ હકીકતો ખોટી રીતે સામાવાળાઓને હેરાન પરેશાન કરવા જણાવેલ છે. એ વાત ખરી છે કે મારા પતિએ મારા સ્ત્રીધનના દાગીના બેન્ક ઓફ ઈન્ડીયામાં ગીરવે મુકેલ હોય તે અંગેનો કોઈ આધાર પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણી એકટીવા ચલાવે છે. સાહેદ જણાવે છે કે કોક પાસેથી લઈને કોર્ટમાં આવુ છું. તેણીની માલીકીનુ તેણીના નામનુ એકટીવા તેણીના પતિ પાસે છે. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીની ફરીયાદ સાથે રજુ થયેલ બાહેધરી પત્રકમા તારીખ અને સ્થળ લખેલ નથી.</u>** **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે સામાવાળા ડુગળી– બટાકામાંથી મહીને રૂપીયા પાત્રીસ હજાર કમાય છે તેનો કોઈ પુરાવો તેણીએ આ કામે રજુ રાખેલ નથી.</u>** એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણીની ફરીયાદ સાથે રજુ થયેલ સામાવાળાના પરીખ વૈભવી બંને સાથેના લીવ ઈન રીલેશનશીપના કરારમાં તારીખ અને સ્થળ લખેલ નથી. **<u>એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ કામના સામાવાળાઓએ કોઈ શારીરિક કે માનસીક ત્રાસ આપેલ નથી.</u>** એ વાત નો ઈન્કાર કરેલ કે સામાવાળાઓએ કોઈ સ્ત્રીધન ગીરો મુકેલ નથી કે દાગીના છીનવી લીધેલ નથી કે બળજબરીથી કોઈ રકમ છીનવી લીધેલ નથી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ જે ત્રણ લાખનો ચેક આપેલો અને તે રીટર્ન થયેલો તે તેણીએ દાગીનાની ચુકવણી પેટે આપેલ હતો. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેણીની માલીકીનુ એકટીવા નંબર જીજી ૩૮ ૬૧૭૭ તેણીએ યાસીન ભાઈને રીપેર કરાવા મુકેલ છે. એ વાતની તેણીને ખબર નથી કે તેણીનો દીકરો દીપ ફામમા નોકરી કરીને મહીને રૂપીયા પંદર હજાર કમાય છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેણીની દીકરી નામે ધારા બ્યુટી પાર્લર ચલાવે તથા મહેન્દીના ઓર્ડર `છે તથા ભરત કામ કરી આશરે દસ થી પંદર હજાર મહીને કમાય છે.

એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી રેડીમેડ કપડા નો વેપાર કરી મહીને ૨૦ થી ૨૫ હજાર કમાય છે તથા લગ્ન ગાળામા રસોડાનો ઓર્ડર લઈ પંદર થી વીસ હજાર કમાય છે.એ વાત નો સ્વિકાર કરેલ છે કે તેણી સામાવાળા નં.૧ સાથે રહેતી ત્યારે તે ભુંગળા બટાકનો વેપરા કરતા હતા તથા વોઠાના મેળામા જતા હતા. એ વાત નો ઈન્કાર કરેલ છે કે

આ ધંધોનો સામાન તેણીની પાસે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ કામના સામાવાળા પાસે તેણીના બાળકો મળવા જાય છે અને સામાવાળા ન.૧ તેમની જીવની જરૂરીયાતની વસ્તુઓ પુરી પાડે છે.એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણી જીજે ૦૧ આરસી ૯૬૩૪ સ્કોડા ગાડીની માલીકી ધરાવે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે જીજી ૬ બીયુ ૪૯૭૬ વાળી સામાવાળાની ગાડી સામાવાળાઓએ તેણીને સ્ત્રીધન પેટે આપેલી. એ વાત નો ઈન્કાર કરેલ છે કે સામાવાળાએ એક લાખ રૂપીયા તથા સોનાની વીટી આપતા તેણીએ અલ્ટો ગાડી પરત આપેલી. એ વાત નો સ્વિકાર કરેલ છે કે હાલમા તેણી પાસે એજી ૩૮ ૧૭૧૫ નંબરનુ એકટીવા છે. સાહેદ જણાવે છે કે તેણીની માસીના દીકરાનુ છે.એ વાત નો સ્વિકાર કરેલ છે કે તેણીનો મોટો દીકરો ટીવીએસ બાઈક ધરાવે છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેણીએ તેણીના દીકરા પૃથ્વી માટે સેમસંગ ગેલેકસીથી અલ્ટ્રાવાળો મોબાઈલ કે જેની કિંમત રૂ. ૯૫,૦૦૦/–છે તે તેણીએ લીધેલ અને હાલમા તે આ મોબાઈલ વાપરે છે.

(૮) સામાવાળા તરફે સામાવાળા અજયભાઈ રણછોડભાઈ રાણાએ આંક– ૨૪ થી સરતપાસના સોગંદ ઉપરના પુરાવામાં પોતાના જવાબમાં જણાવેલ હકીકતો મુજબની જ અક્ષરશ:હકીકતો દોહરાવેલ હોય પુનરાવર્તન કરવાનું યોગ્ય જણાતું નથી. આ હકીકત અંગે અરજદાર તરફે કરાયેલી ઉલટતપાસમા એ વાત જણાવેલ છે કે, તમે સને ૨૦૦૧ ની સાલમા આશાબેન જોડે લગન કરેલા કે કેમ તેવુ પુછતા સાહેદ જણાવે છે કે સામ સામે હાર પહેરેલા રજીસ્ટર લગ્ન કરેલા નહી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે કુલકાર કર્યા ત્યાર બાદ તેઓ પતી પત્ની તરીકે રહેતા હતા. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓને અરજદાર સાથેના લગ્ન જીવનથી ત્રણ સંતાનો થયેલા છે. તેઓ અને અરજદાર એક જ છત નીચે આશરે પાચ થી છ વરસ રહેલા.</u>** તેઓ અને આશાબેન આશરે ૨૦૨૦ કે ૨૦૨૧ મા છુટા પડેલા. તેઓ અને અરજદાર કુલહાર કર્યા તેના ત્રણ ચાર વરસ સારી રીતે રહેલા તેઓ છેલ્લા ત્રણ ચાર વરસ થી વૈભવી બેન ને ઓળખે છે. તેઓ વૈભવીબેન સાથે એક છત નીચે રહ્યો હોય તેવું ક્યારેય પણ બનેલ નથી. ત્યારબાદ જણાવેલ કે તેઓ અને વૈભવી બેન એક છત નીચે કયારય રહ્યા નથી તે વાત સાચી નથી. તેઓ છેલ્લા બે વરસથી વૈભવીબેન સાથે રહે છે. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે વૈભવીબેન સાથે તેઓને જાતીય સબંધ છે.</u>** એ વાતનો સ્વિકાર કરેલ છે કે કોઈ પુરુષ કોઈ સ્ત્રી સાથે જાતીય સબંધ બાધે

તો સંતાન થાય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે હીન્દુ રીતી રીવાજ મુજબ કોઈ સ્ત્રી સાથે લગ્ન વગર જાતીય સબંધ બાધીએ તો તે પાપ ગણાય. **<u>એ વાતનો સ્વિકાર કરેલ કે તેઓને વૈભવીબેન થકી એક દીકરીનો જન્મ થયેલ છે જેનુ નામ ધનસ્વી છે જેની ઉમર પોણા ત્રણ વરસની છે.</u>** એ વાતનો સ્વિકાર કરેલ કે વૈભવીબેન અને તેઓની જ્ઞાતી જુદી છે. એ વાતનો સ્વિકાર કરેલ કે વૈભવીબેન એ વાણીયા જ્ઞાતીની છોકરી છે. એ વાતનો સ્વિકાર કરેલ કે વૈભવીબેન સાથે રહેવાનો કોઈ દસ્તાવેજ તેઓની પાસે નથી. તેઓ લીવઈનમા રહે છે. તેઓ સને ૨૦૦૧ ની સાલની આસપાસ ભુગળા બટેકા વેચતા હતા અને હાલમા પણ તેઓ ભુગળા બટેકા વેચે છે. ભુગળા બટેકા વેચવા સીવાય અન્ય કોઈ ધંધો કે કામકાજ કયારેય કરેલ નથી. એ વાત નો ઈન્કાર કરેલ કે તેઓ ધોળકામા ખુબ મોટા પાયે દારૂનો વેપાર કરતા હતા. એ વાત નો ઈન્કાર કરેલ છે કે આ દારુના વેપાર કરતો હતો તે સમયે તેઓનું જીવન ખુબ વૈભવશાળી હતું. સાહેદ જણાવે છે કે તેઓએ ક્યારેય દારુનો વેપાર કરેલા નથી. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓ જુગારનો પણ ખુબ મોટો ધંધો કરતો હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ૨૦૦૧ થી આજ દીન સુધી તેઓની સામે દારુના કેસો થયેલા છે. જુગારનો કોઈ કેસ થયેલ નહી. દારુના વેપાર ના કારણે કલેકટર સાહેબે કે ડેપ્યુટી કલેકટર સાહેબે ક્યારેય તેઓની વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓની સામે કોઈ તડીપારના કેસો થયા હોય તેવું બનેલ નથી. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓને દારુના વેપારમાથી બહુ મોટી આવક થતી હતી અને તેઓ આ આવકમાથી આશાના નામે ઘણા બધા વાહનો ખરીદતા હતા. આશાના નામે વાહનો છે તેની તેમને ખબર છે. આશાના નામે એક સ્કોડા ગાડી, બે એકટીવા, એક બાઈક અને એક રાઈડર બાઈક છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે આ વાહનો તેઓએ દારુની આવક માથી ખરીદેલા છે. તેઓની સામે ૨૦૦૧ પછી દારુના ત્રણેક કેસો થયેલા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ભુંગળાના વેપાર માથી તેઓ મહીને એક થી દોઢ લાખ જેટલું કમાય છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓ દારુનો ધંધો કરતા હતા અને તેમાથી ન ગણાય એટલી આવક ધરાવતા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની સામે દારુના કેસો થતા ત્યારે ઘણા કેસોમા આશાબેન તેઓના જામીન થયેલા છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓના બંને મોટા છોકરા તેઓની સાથે દારુના ધંધામાં સંકળાયેલા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે અરજદાર અને સગીર બાળકી ધારાને રજળતી મુકી દીધેલ છે. ધારા કયા ભણવા જાય છે તેવું પુછતા સાહેદ જણાવે છે કે તે ચાંદખેડા મુકામે બ્યુટી પાર્લરમા નોકરી કરે છે અને તે

મહીને ૧૮ થી ૨૦ હજાર રૂપીયા કમાય છે.**<u>ધારા બ્યુટી પાર્લરમા નૌકરી કરે છે અને કમાય છે તેનો તેઓ પુરાવો રજુ કરી શકે છે.</u>** તેઓ દીપ ફાર્મ જોયેલ છે. તેઓએ જીવરાજ મહેતા હોસ્પીટલ પણ જોયેલ છે. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે અરજદાર આ બંને જગ્યાએ નોકરી કરે છે અને દીપ ફાર્માંમાથી ૧૫ થી ૨૦ હજાર તથા જીવરાજ મહેતા હોસ્પીટલ માથી ૧૮ હજાર કમાય છે તેનો કોઈ તેઓએ લેખીત પુરાવો કે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે અરજદાર રેડીમેડ કાપડના વેપારમાથી ૨૦ થી ૨૫ હજાર તથા રસોડામા કામકાજ કરી મહીને ૧૫ થી ૨૦ હજાર કમાય છે તેનો પણ કોઈ આધાર પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી.</u>** એ વાતનો સ્વિકાર કરેલ કે કોઈ પણ વ્યકતી એક કે બે જગ્યાએ નોકરી કે કામ કરી શકે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે અરજદાર ઉપરોકત જગ્યાએ કામ કરી આવક મેળવે છે તે હકીકત તેઓ ખોટી જણાવે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓના દીકરા રાજવીર અને પૃથ્વી સામે પણ દારુ નો કેસ થયેલ છે. તેમને એ વાત ની ખબર નથી કે તેઓના દીકરા અને તેઓની સામે ક્રિમીનલ કેસ નં.૨૯૫૯/૨૦૨૩ થી દારુનો કેસ થયેલ છે. તેમને એ વાત યાદ નથી કે ઉપરોકત ગુનો તેઓએ અને તેઓના દીકરાએ કબુલ કરેલ છે. એ વાત ખરી છે કે તેઓની સરતપાસ સાથે આક.૨૫ ના લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજો તેઓએ સ્વેચ્છાએ રજુ કરેલ છે. તેમને માર્ક ૨૫/૨ બતાવવામાં આવે છે જે જોઈને જણાવેલ કે તે ક્રિમીનલ કેસ નંબર ૨૯૭૩/૨૦૨૩ નો હુકમ છે જેમા તેઓએ ગુનો કબુલ કરેલ છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓ અને તેઓનો દીકરો હાલમા પણ ખુબ મોટા પાયે દારુનો વેપાર કરે છે અને મહીને ૧૫ થી ૨૦ લાખ રુપીયા દારુના ધંધામાથી કમાવે છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓના– માણસો ધોળકાની દરેક સ્કુલો પર ભુગળા બટેકાની લારીઓ તેઓના નામે લઈને ઉભા હોય છે અને આ વેપાર થકી પણ તેમને ખુબ મોટી આવક થાય છે. એ વાતનો સ્વિકાર કરેલ કે વેપાર અને મજુરી અલગ અલગ બાબત છે.એ વાતનો સ્વિકાર કરેલ કે ભુગળા બટેકા વેચાણ કરવું તે વેપાર ગણાય. એ વાતનો સ્વિકાર કરેલ કે તેઓની સરતપાસમા ધંધામાં મજુરી એવું લખેલ છે વેપાર કરે છે તેવું કયાય લખેલ નથી. **<u>એ વાતનો સ્વિકાર કરેલ કે તેઓ અને આશાએ તેઓના પરીવાર ની સંમતિ વગર ફુલહાર કરેલા કારણ કે તેઓ એકબીજાને પ્રેમ કરતા હતા.</u>** એ વાતનો સ્વિકાર કરેલ કે ત્યાર બાદ આશા ના પરીવાર વાળાએ જમાઈ તરીકે સ્વીકારેલ અને ત્યાર બાદ તેઓ આશાના ત્યા ઘરજમાઈ તરીકે રહેવા ગયેલા.એ વાતનો ઈન્કાર કરેલ કે આશાના પરીવાર તરફથી તેઓને સ્ત્રીધન આપવામાં આવેલું. એ વાતનો સ્વિકાર કરેલ કે

અરજદારની અરજી તેઓએ વાચેલી છે. તેઓએ અરજદારની અરજીમાં એવું વાચેલ નથી કે અરજદારે તેમને સ્ત્રીધન આપેલ છે તથા તેઓ તેઓના દારુના ધંધા માટે અરજદાર પાસે વારંવાર રુપીયા ત્રણ લાખની માગણી કરતા હતા જે રકમ અરજદારે તેઓને આપેલ છે.એ વાત નો ઈન્કાર કરેલ કે બાળકો મોટા થતા અરજદારે તેમને તેવુ કહેલ કે આપડે દારુનો ધંધો બંધ કરી દો કારણ કે તેની માઠી અસર બાળકો પર પડશે. સાહેદ જણાવે છે કે તેઓએ કયારેય દારુનો ધંધો કરેલો નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે એવુ બનેલુ કે તેઓને પૈસાની જરુર હોય અને તેઓ આશાના દાગીના બેંકમા ગીરવે મુકેલા.તેઓએ બેંક ઓફ ઈન્ડીયા ધોળકા શાખામા કયારેય કોઈ દાગીના ગીરવે મુકેલા નથી. તેઓએ ધોળકા તીરુપતી બાલાજી ક્રેડીટ મંડળી જોયેલ નથી અને તેમાં આશાના દાગીના ગીરવે મુકેલા હોય તેવુ કયારેય બનેલ નથી. જો આશાબેન તેઓના જીવન મા આવવા માગતા હોય તો વૈભવીબેનને કાઢીને આશાબેનને રાખવા તૈયાર છે.

(૮.૨) ઉપરોકત પુરાવો જોતાં અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે થયેલ હોવાનું અને તેઓના લગ્નજીવનથી બે પુત્રો અને એ સગીર પુત્રી ધારાનો જન્મ થયેલ હોવાનું અને સગીર પુત્રી ધારા અરજદાર સાથે રહેતા હોવાનો સ્વીકૃત પુરાવો છે. વધુમાં અરજદારની અરજી અને અરજદારના સોગંદ ઉપરના પુરાવાની હકીકતોનું મૂલ્યાંકન કરવામાં આવે તો આક્ષેપ પ્રતિઆક્ષેપ થયેલા છે, પરંતુ અરજદારે તેની અરજીની સાથે ઘરેલું હિંસા થયેલાનો રિપોર્ટ પણ રજુ રાખેલ છે જેમાં પણ પ્રોટેકશન ઓફીસર દ્વારા ઘરેલું હિંસા થયેલાની હકીકતો જણાવેલ છે. આ રિપોર્ટની વિરૂધ્ધની હકીકત સામાવાળાએ તેઓ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસથી ખંડન કરેલ નથી. તેમજ કોઈપણ ભારતીય સ્ત્રી વિના કારણ પોતાના પતિનો ત્યાગ કરે નહી તેવી સામાન્ય સમજ છે. હવે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમજ સરતપાસ તેમજ આ કામે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં સામાવાળા નં. ૨ થી ૪ નાઓ અલગ રહેતા હોય સામાવાળા નં.૧ એ તેમના જવાબમાં તેઓ ઘરજમાઈ તરીકે રહેતા હોવાની હકીકત કબુલ મંજુર રાખેલ હોય અને અરજદાર તેણીના મમ્મી તથા પતિ સાથે અલગ રહેતા હોય તેઓએ ત્રાસ ગુજારેલ હોય તે માની શકાય તેમ નથી તેવું મારૂ

માનવું છે. વધુમાં સામાવાળા નં.૧ દારૂનો વેપાર કરતા હોય અરજદારે તેણીના પતિને કહેલ કે દારૂનો ધંધો છોડી દો નહી તો તેણીના પતિ કહેતા કે દારૂનો ધંધો નહી છોડું. અરજદારે સામવાળા નં.૧ ને બાળકો પર ખોટી અસર પડશે તેવું કહેતા જણાવેલ કે જે અસર પડે તે પડવા દે અને તારાથી થાય તે કરી લે હુ મરૂ ત્યાં સુધી દારૂનો ધંધો છોડીશ નહી અને ગંદી ગંદી ગાળો બોલી તેણીને ઢોર માર મારતા અને પર સ્ત્રીઓ સાથે અનૈતિક સંબંધો ધરાવે છે અને વૈભવી રવિન્દ્રભાઈ સાથે લીવ ઈન રીલેશનશીપમાં રહે છે કરાર કરેલ છે જે હકીકતને આંક–૧૮ થી રજુ બાંહેધરી પત્રક તથા આંક–૧૯ થી રજુ લીવ ઈન રીલેશનશીપ વાળા દસ્તાવેજથી સામાવાળા નં.૧ તથા ૫ નાઓએ ઘરેલુ હિંસા આપવાના કારણે તથા અરજદારને આપેલ શારીરીક તથા માનસીક ત્રાસના કારણે અરજદારે પતિગૃહ થી ત્યાગ કરેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં સામાવાળા નં.૧ નાઓ દારૂનો વેપાર કરતા હોય તે હકીકત પણ રેકર્ડ પર આવેલ છે. જેથી તેઓએ દારૂ પી ને ત્રાસ ગુજારેલ હોય તે હકીકતને સમર્થન મળે છે. વધુમા કોઈપણ પરણીત સ્ત્રીનો પતિ અન્ય સ ત્રી સાથે લીવ ઈન મા રહે તે કોઈપણ પરણીતા માટે માનસીક ત્રાસ જ નહી પરંતુ માનસીક આઘાત સમાન છે અને જયારે આ કામના સામાવાળા ન.૧ નાઓએ તેમની ઉ.ત.મા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે **વૈભવીબેન સાથે તેઓને જાતીય સબંધ છે તથા તેઓને વૈભવીબેન થકી એક દીકરીનો જન્મ થયેલ છે જેનુ નામ ધનસ્વી છે જેની ઉમર પોણા ત્રણ વરસની છે.** તે સંજોગોમા સામાવાળા ન.૧ ના વૈભવીબેન સાથેના સંબંધોથી અરજદારને માનસીક ત્રાસ થયેલ હોવાનુ મારુ નમ્રપણે માનવુ છે. વધુમા આ કામે મુળ અરજીની હકીકત વંચાણે લેતાં અને આ કાયદાની કલમ–૩ વંચાણે લેતાં અરજદારે જે અરજીમાં આક્ષેપો કરેલ છે તે મુજબ અરજદારની સાથે શાબ્દિક અને ભાવનાત્મક, માનસીક, આર્થિક અને શારીરીક હિંસાની વ્યાખ્યામાં આવેલ હીંસા છે અને કલમ–૩ અન્વયેની હિંસા થયેલી હોય અને સામાવાળા અને અરજદાર તથા સામાવાળા નં.૧ એક જ ઘરમાં મજીયારા રહેઠાણ નીચે રહેતા હતા

તે હકીકત પ્રોટેકશન ઓફીસરના રીપોર્ટથી તેમજ અરજદારની ઉલટ તપાસથી સાબીત થયેલી છે. તેમજ આ કામે અરજદાર જે હકીકતો જણાવે છે તે હકીકતો વિરૂધ્ધમાં સામાવાળાએ જવાબ આપેલો પરંતુ તેના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી કે મૌખિક પુરાવાથી આ હકીકતનું ખંડન કરેલ નથી. જેથી મુદ્દા નંબર.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૯) **મુદ્દા નંબર–ર ની ચર્ચા :–** આ કામે મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા અનુસાર આ કાયદા અન્વયે તે હકીકત જયારે સાબીત થયેલ હોય કે અરજદાર સાથે ઘરેલુ હિંસા થયેલ છે ત્યારે કલમ–૧ર મુજબની અરજી મુજબ અરજદાર ધ્વારા જુદા જુદા પ્રકારની દાદ માંગવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં **કલમ–૧૮** મુજબ પ્રોટેકશન (રક્ષણનો) હુકમ મેળવવા સંબંધેની દાદ માંગેલ છે, તે અનુસંધાને અરજદારનો પુરાવો અને કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૮ મુજબ ભોગ બનેલ વ્યકિત અને પ્રતિવાદીને સાંભળવાની તક આપ્યા પછી અને પ્રથમ દ્રષ્ટિએ સંતુષ્ટ થાય કે કૌટુંબિક હિંસા થઈ છે અથવા સંભવિત પણ થવાની હોય ત્યારે ન્યાયાધીશ ભોગ બનેલ વ્યકિતની તરફેણમાં હુકમ કરી શકે છે અને પ્રતિવાદીને કલમ–૧૮ (ક) થી (જ) માં જણાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ મૂકી શકે છે.

હવે સદરહુ કલમની શરૂઆત મુજબ સદરહુ રક્ષણનો હુકમ કરતા અગાઉ ભોગ બનેલ વ્યકિત અર્થાત હાલના કેસમાં અરજદાર અને પ્રતિવાદી અર્થાત સામાવાળાને સાંભળવાની તક આપ્યા પછી કોઈ પણ હુકમ કરી શકાય જે મુજબ પ્રસ્તુત કેસમાં બંને પક્ષકારોને સાંભળવાની તક આપેલ છે તથા ઉપરોકત કલમમાં એવી પણ જોગવાઈ છે કે પ્રથમ દ્રષ્ટિએ એવી સંતુષ્ટતા અથવા સંભવિતતા હોય તો પણ એવો હુકમ થઈ શકે. પ્રસ્તુત કેસમાં મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ અરજદારને કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે તેવું અંશત: માનવામાં આવેલ છે.

**<u>કલમ– ૧૮ (ક) ''કૌટુંબિક હિંસાનું કોઈ કૃત્ય કરતા''</u>**

ઉપરોકત મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ કૌટુંબિક હિંસા અરજદાર ઉપર આચરવામાં આવેલ છે તે અંશત:પુરવાર થાય છે અર્થાત કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૩ (ક)(ઘ) મુજબ અરજદાર ઉપર કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે તે સંજોગોમાં અત્રે પુર્નોકિત કર્યા સિવાય હવે એવું કોઈ કૃત્ય કૌટુંબિક હિંસાનું સામાવાળાએ અરજદાર ઉપર કરવું નહિં તેવો આદેશ કરવો ન્યાયોચિત જણાય છે.

**<u>કલમ– ૧૮ : (જ) ''રક્ષણના હુકમમાં જણાવ્યા મુજબ બીજુ અન્ય કૃત્ય કરતા''</u>**

ઉપરોકત ચર્ચાના આધારે તથા મુદ્દા નં.૧ માં હિંસા અંગે વિગતવાર ચર્ચા કર્યા બાદ જયારે અરજદાર ઉપર કૌટુંબિક હિંસા આચરવામાં આવે છે ત્યારે અન્ય કૃત્ય કરતાં અર્થાત અરજદાર ઉપર અન્ય પ્રકારની હિંસા આચરવામાં ન આવે તે ધ્યાને રાખવું જરૂરી હોઈ અરજદારના તરફેણમાં સામાવાળાઓ વિરૂધ્ધ કોઈ કૌટુંબિક હિંસા હવે ન આચરવા રક્ષણનો હુકમ કરવામાં આવે છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદારના તરફેણમાં હિંસાનો આદેશ ઉપર મુજબ કરવો ન્યાયોચિત જણાય છે. આમ અરજદારના લાભમાં ઉપર ચર્ચા કર્યા મુજબના સામાવાળાઓ ધ્વારા હિંસાથી રક્ષણ માટે કોઈપણ હિંસક કૃત્ય કરવા સામે અને તેવુ કૃત્ય અટકાવવાનો આદેશ કરવો ન્યાયોચિત જણાય છે.

**(૯.૧)** આ કામે **કલમ–૧૯** ની જોગવાઈ વંચાણે લેતા, કલમ– ૧૨ ની પેટા કલમ–(૧) હેઠળ અરજીનો નિકાલ કરતી વખતે, ન્યાયાધીશ સંતુષ્ટ થઈને કૌટુંબિક હિંસા થઈ છે, રહેઠાણનો હુકમ કરી શકે છે:

અરજદારે કાયદા મુજબ જે હુકમ માંગ્યા છે તે મેળવવા હકકદાર છે તે પુરવાર કરવું પડે. અરજદારે પોતાની અરજીમાં સામાવાળાઓ સરખી કક્ષાના વૈકલ્પિક આવાસને નિશ્ચિત કરવું તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તે દાદની માંગણી કરેલ છે.

**<u>કલમ–૧૯ </u>(૧) (એફ)** જોવામા આવે તો જો સંજોગોને જરૂરીયાત હોય તો ભોગ બનેલ વ્યકિતને સંયુકત ઘરમાં જે રીતે રહેતી હતી તે જ સ્તરનું વૈકલ્પિક રહેઠાણ ઘર પુરું પાડવાનો અથવા તો આવા ઘરનું ભાડુ ચુકવવા પ્રતિવાદીને નિર્દેશ આપશે.

પરંતુ પ્રસ્તુત કેસમાં અરજદારે વૈકલ્પિક રહેઠાણ સંબંધે સામાવાળાઓ કેવા પ્રકારના મકાનમાં રહે છે તે અંગેની કોઈ વિગતો પુરી પાડેલ નથી. વધુમાં અરજદારની ઉલટતપાસ મુજબ તેઓના પતિના નામનું માલીકીનું કોઈ મકાન નથી તેઓના સસરાના નામે છે. તેઓની અરજી મુજબ તેઓ હાલ તેમના પિયરમા રહે છે. આમ, રહેઠાણ સંબંધી હુકમ મેળવવા માટે પુરવાર કરવી જોઈતી હકીકત અરજદાર રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી કલમ–૧૯ મુજબ રહેઠાણનો હુકમ મેળવવા અરજદાર હકકદાર બનતા નથી.

**(૯.૨) કલમ– ૨૦ નાણાંકીય રાહતો :**

(૧) કલમ– ૧૨ ની પેટા કલમ–(૧) હેઠળ અરજીનો નિકાલ કરતી વખતે, ન્યાયાધીશ પ્રતિવાદીને ભોગ બનેલ વ્યકિતને અને તેનાં બાળકને કૌટુંબિક હિંસાને લીધે થયેલ નુકશાન અને ખર્ચાને પહોંચી વળવા નાણાંકીય રાહત આપવા નિર્દેશ કરી શકે છે.

અરજદારે કાયદા મુજબ જે હુકમ માંગ્યા છે તે મેળવવા હકકદાર છે તે પુરવાર કરવું પડે. અરજદારે પોતાની અરજીમાં આ કામના સામાવાળા પાસેથી તેઓ અરજદારને સામાવાળા નં.૧ પાસેથી ખોરાક, કપડાં, ઔષધો અને બીજી સામાન્ય જરૂરિયાતો પેટે રકમ ૫૦,૦૦૦/– પ્રતિમાસ આ કામના સામાવાળા નં ૧ અરજદારને ચુકવી આપે તેવી દાદ માંગેલ છે તથા તબીબી ખર્ચ માંગેલ છે.

**<u>કલમ –૨૦(૧)(ખ) દવાના ખર્ચ</u>**

સદર કામે અરજદારના પક્ષ નિવેદનમાં પુરાવામાં અરજદાર કયાંય કૌટુંબિક હિંસા ધ્વારા કોઈ સારવાર કરાવેલી છે તેવું દર્શાવી શકયા નથી, એટલું જ નહીં પરંતુ તેવી કોઈ બિમારી અરજદારને હોય તેવું દર્શાવી શકયા નથી. દવાના બીલો અથવા મળી શકે તેવા કોઈ પુરાવા રજૂ કરી શકેલ નથી. આમ કોઈ ચોકકસ દવાના ખર્ચાઓ થયા હોય અને તેની કોઈ ચોકકસ રકમ હોય તેવું દર્શાવી શકયા નથી. પરંતુ સામાન્ય સંજોગોમાં અરજદારને જે દવાઓના ખર્ચા થયા તે માટે પણ કોઈ ચોકકસ રકમ અથવા તો ખર્ચાઓ થયા છે તેવું પણ દર્શાવી શકયા નથી તેથી અરજદાર કલમ–૨૦ (ખ) મુજબ દવાના ખર્ચાઓ અંગેના કોઈ ચોકકસ પુરાવા રજૂ કરેલ ન હોઈ અરજદારને કલમ–૨૦(ખ) હેઠળ હુકમ આપવો ન્યાયોચિત જણાતો નથી.

અરજદારે પોતાની અરજીમાં ખર્ચની માંગણી કરેલ છે. આ માંગણી કલમ– ૨૦ પેટા કલમ– ૨, ૩, ૫ મુજબ અરજદારને મળવાપાત્ર છે પરંતુ કેટલી રકમ મળવાપાત્ર છે અર્થાત તે અંગે કેટલો હુકમ થવાપાત્ર છે તે કેસના સંજોગો ઘ્યાને રાખી કરવો ન્યાયોચિત જણાય છે.પ્રસ્તુત કેસમાં યથાસ્થાને ચર્ચા કર્યા મુજબ પુનરોકિતની દોષ સાથે એ વિગતની ચર્ચા કરવી આવશ્યક જણાય છે કે, અરજદારે તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓના પતિને આશરે રૂા.૩૫,૦૦૦/– આવક છે તેણીના પતિ ડુંગળી બટેકાનો મોટા પાયે વેપાર કરે છે. આમ અરજદાર સિવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી સામાવાળા નં ૧ ઉપર નથી. પરંતુ અરજદારે આ અંગે સામાવાળાની આવક બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ સામાવાળાએ અરજદારની અરજીનો જવાબ રજુ કરેલ છે તેમજ સરતપાસ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ બેરોજગાર છે અને કોઈપણ પ્રકારનું કામકાજ કરતા નથી. તેમજ અરજદાર દીપ ફાર્મા નોકરીને મહીના ૧૫ થી ૨૦ હજાર કમાય છે અને હાલમાં જીવરાજ મહેતા હોસ્પિટલમાં નોકરી કરી માસીક રૂા.૧૮,૦૦૦/– કમાય છે તથા અરજદાર કપડાનો વેપાર કરીને મહીને ૨૦ થી ૫૦ હજાર કમાય છે. લગ્ન

ગાળમાં રસોડાનો ઓર્ડર લઈ ૧૫ થી ૨૦ હજાર કમાય છે. **જયારે તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે અરજદાર દીપ ફાર્મા માંથી ૧૫ થી ૨૦ હજાર તથા જીવરાજ મહેતા હોસ્પીટલમાંથી ૧૮ હજાર કમાય છે તેનો કોઈ લેખીત પુરાવો કે અન્ય કોઈ પુરાવો રજુ રાખેલ નથી. અરજદાર રેડીમેડ કાપડના વેપારમાંથી ૨૦ થી ૨૫ હજાર તથા રસોડામા કામકાજ કરી મહીને ૧૫ થી ૨૦ હજર કમાય છે તેનો પણ કોઈ આધાર પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી.** આમ જયારે સામાવાળાની આવક અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ ના હોય અને જો કોઈ સામાન્ય વ્યકિત મજૂરીનું કામ કરે તો પણ રોજના ચારસો થી પાંચસો રૂપિયા કમાઈ શકે. આમ સામાવાળા જો મજૂરી કામ કરતાં હોય તો પણ આજના મોંઘવારીના જમાનામાં રૂપિયા ૧૭ થી ૧૮ હજાર સામાન્ય રીતે કમાઈ શકે. આમ સામાવાળા અરજદાર કાયદેસરના પત્નિ હોઈ તેમનું તથા સગીર દિકરીનું ભરણ પોષણ કરવાની નૈતિક જવાબદારી સામાવાળાની બની રહે છે. આવા સંજોગોમાં **અરજદારને રૂા ૯૦૦૦/-,** સામાવાળા નં. ૧ નાઓ અરજદારને ચુકવી આપે તો અરજદાર પોતાનું તથા સગીર દિકરીનું માસિક ભરણ પોષણ સારી રીતે કરી શકે. તેવા સંજોગોમાં કુલે રૂા.૯૦૦૦/-માસિક રાહત આપવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

(૯.૩) હવે, અરજદારે કાયદાની **<u>કલમ-૨૨</u>** મુજબ વળતરનો હુકમ મેળવવા દાદ માંગેલ છે, તે સંદર્ભે સદર કાયદાની કલમ-૨૨ વંચાણે લેવામાં આવે તો રાહતના હુકમો તેમાં અરજદાર શારીરિક માનસિક ત્રાસના કારણે ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોય તો વળતર ચૂકવવાની જોગવાઈ છે. આ હકીકત અંગે પ્રોટેકશન ઓફીસરના રીપોર્ટને ઘ્યાને લેતાં અરજદારને સામાવાળાઓ તરફથી ઘરેલુ હીંસા થયેલ છે તેવું જણાય આવે છે. અરજદારે જેથી અરજદારને માનસિક યાતના, પરિતાપ, પિડા વિગેરેના વળતરની દાદ તેમજ નુકસાની જે ભોગવવી પડેલ છે તે મુજબની દાદ અરજદાર મેળવવા હકકદાર બને છે.

સદરહુ મુદ્દા પુરવાર કરવાની જવાબદારી અરજદારના શીરે છે. સદરહુ મુદ્દા માટે કલમ–૨૨ મુજબ અન્ય રાહતો ઉપરાંત ભોગ બનેલ વ્યકિત ધ્વારા કરાયેલ અરજી ઉપર અરજદાર ઉપર (ભોગ બનેલ વ્યકિત ઉપર) કૌટુંબિક હિંસાના કૃત્યથી થયેલ માનસિક યાતના અને લાગણીશીલ પીડા સહિત માટે વળતર અને નુકશાન ચુકવવાનો હુકમ થઈ શકે છે તે અંગે પ્રસ્તુત કેસમાં અરજદારે રૂપિયા ૨,૦૦૦,૦૦૦૦/– માનસિક ઈજાઓ તેમજ અન્ય ખર્ચ વગેરે માટે માંગેલ છે પરંતુ ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ કેટલી રકમ ચુકવવી તેનો નિર્ણય કોર્ટે વિવેકબુધ્ધિનો ઉપયોગ કરી કરવાનો છે તે અંગે અરજદારે પોતાની અરજીમાં તથા પક્ષ નિવેદનના સમર્થનમાં જે વિગતો દર્શાવી છે તે મુજબ અરજદાર જે રકમની માંગણી કરે છે તે ખૂબ જ વધારે જણાય છે, કારણ કે અરજદાર વળતર માંગવા હકકદાર છે. આમ, હાલની રકમ કયા આધારે માંગેલ તેની કોઈ રજુઆત નથી કે કોઈ પુરાવો અરજદાર તરફે રજૂ થયેલ નથી. કાયદા મુજબ અરજદાર તે કારણ અંગે આ રકમ માંગે છે તે ભાવનાત્મક શબ્દો છે તે નાણાંકીય મૂલ્યમાં કેસમાં આંકી શકાય નહી. જયારે કોઈ ચોકકસ રકમ આંકી શકાય નહી ત્યારે અરજદારને વળતરની રકમ પેટે અર્થાત અરજદારને થયેલ માનસિક યાતના અને લાગણીશીલ પીડા માટે જોકે કોઈ વ્યકિતની કોઈ લાગણીની કિંમત હોય જ નહીં, પરંતુ હાલના કેસમાં અરજદારને જે ધકકા ખાવા પડયા, જે માનસિક યાતના થઈ તથા કૌટુંબિક હિંસાથી જે યાતનાઓ થઈ તેના નુકશાન પેટે ઉચ્ચક **રૂા ૫૦,૦૦૦/–** સામાવાળા નં.૧ એ અરજદારને ચુકવી આપવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

આમ, ઉપરોકત તમામ મુદ્દાઓ અંગે વિગત વાર ચર્ચા કર્યા મુજબ ભલે અરજદારે પોતાની અરજીમાં ફોર્મ નં.૨ માં જે પણ હુકમો માંગ્યા તથા તે અંગેની દાદ છે તે તમામ ધ્યાને લીધા, પરંતુ કોઈપણ વ્યકિતને કોઈપણ હુકમો અર્થાત કૌટું બિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ હુકમો અર્થાત કલમ–૧૮, કલમ–૧૯,કલમ–૨૦ તથા કલમ–૨૨ હેઠળના હુકમો કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ

અધિનિયમમાં જે પ્રકારના હુકમો મળવાપાત્ર છે તે મર્યાદામાં રહી અને પ્રત્યેક કેસના સંજોગો તથા રજૂ થયેલ પુરાવાએ પ્રત્યેક કલમ હેઠળ હુકમો આપવા માટે સૌથી મહત્વના માર્ગદર્શક પરિબળો ગણી શકાય અને તેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તમામ મુદ્દાઓમાં કાયદા મુજબ અરજદારને જે હુકમો જે પ્રકારથી મળવાપાત્ર છે તે કેસના સંજોગોને ધ્યાને રાખી તે અંગેના હુકમ કરવામાં આવેલ છે.

**(૧૦)** અરજદારે પોતાનું **<u>સ્ત્રીધન</u>** સામાવાળા પાસેથી પરત અપાવવા અરજ ગુજારેલ છે, કલમ ૧૯(૮) મેજીસ્ટ્રેટ સામાવાળાને ભોગ બનનાર વ્યકિતને તેણીના સ્ત્રીધન કે તેના હકવાળી અન્ય કોઈ પણ સંપતિ કે કિંમતી જામીનગીરી નો કબજો પાછો આપવા નિર્દેશ આપી શકે. આ કામના અરજદારે પોતાના અરજી સાથે સ્ત્રી ધન સામાવાળા પાસે હોવાનું કથન કરેલ છે જે સંબંધે આંક–૧૮ થી બાંહેધરી પત્રક રજુ કરેલ છે જેમાં સામાવાળા નં.૧ એ સોનાના દાગીનાની કબુલાત કરેલ છે. જે તેઓએ છોડાવી આપવા તેવું કબુલાત કરેલ છે. જેથી તમામ સંજોગો અને હકીકત ધ્યાન સમક્ષ રાખી સ્ત્રીધન બાબતની દાદ લક્ષમાં રાખીને તથા પુરાવાનું મૂલ્યાંકન કરીને અરજદારના ઘરેણા અરજદારને સોંપવાનું ન્યાયોચિત જણાય આવે છે.

**(૧૧)**.આમ, પ્રસ્તુત કેસમાં સમગ્ર રેકર્ડ તથા અરજદારની અરજીની વિગતો જોતાં અરજદાર અને સામાવાળા નં.૧ ના લગ્ન થયા તે હકીકત નિર્વિવાદ હકીકત છે તથા યથાસ્થાને ચર્ચા કર્યા મુજબ અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલા છે, અને અરજદાર માટે કોઈ ભરણપોષણની વ્યવસ્થા હાલના કાયદાની જોગવાઈ મુજબ સામાવાળા ધ્વારા કરવામાં આવેલ નથી અને તેઓએ હાલની અરજી દાખલ કરવી પડેલ છે, તેવું અરજદારે પુરવાર કરેલ છે તથા અરજદારને માનસિક અને શારીરિક આઘાત પહોંચેલ છે,

તે હકીકત પણ અરજદારે પુરવાર કરેલ છે, તે મુજબની હકીકતો અરજદારે પોતાની અરજીમાં પણ જણાવેલ છે અને અરજદારે પુરવાર કરેલ છે, તથા ઘરેલુ હિંસા સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૮,૧૯,૨૦ અને ૨૨ મુજબના હુકમ માંગેલ છે તે મુજબ અરજદારની તરફેણમાં પ્રોટેકશન ઓફીસરનો રિપોર્ટ પણ રેકર્ડ પર રજૂ છે.

આ કામે સામાવાળા તરફે જે જવાબ રજૂ કરવામાં આવેલ છે જેમાં સામાવાળા અરજદારના પતિ હોવાની હકીકત કબુલ રાખેલ છે અને અરજદાર પોતે કોઈ કામ ધંધો જાણતાં હોય અને કમાઈ શકતા હોય તેવી કોઈ હકીકત સામાવાળા તરફે પુરવાર કરવામાં આવેલ નથી. જયારે રેકર્ડ ઉપર ઘ્યાને લેતાં અરજદાર તેમના માતાને ત્યાં પિયરમાં રહે છે અને સામાવાળા નં. ૧ નાએ અરજદારને અરજી દાખલ કર્યા પહેલા ભરણ પોષણની કોઈ વ્યવસ્થા કરી આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

આમ, સમગ્ર પરિસ્થિતિ કાયદાકીય જોગવાઈ, રેકર્ડ પરના પુરાવા જોતા નીચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

**–:: હુકમ ::–**

(૧). અરજદારની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨). સામાવાળાએ અરજદાર ઉપર હવેથી કૌટુંબિક હિંસા આચરવી નહીં તેવો આદેશ કરવામાં આવે છે, તે મુજબના રક્ષણનો હુકમ અરજદારની તરફેણમાં કરવામાં આવે છે.

(૩). કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ, ૨૦૦૫ ની કલમ ૧૯ હેઠળની દાદ નામંજુર કરવામા આવે છે.

(૪). કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૦ પેટા કલમ–૨, ૩ હેઠળ અરજદારને માસિક **રૂા ૯૦૦૦/–(અંકે રૂપિયા નવ હજાર પુરા)** જીવનધોરણ જીવવા પોતે ટેવાયેલ છે તે ધોરણે જીવવા અરજીની તારીખથી ચુકવવાનો સામાવાળા નં. ૧ ને આદેશ કરવામાં આવે છે.

(૫). કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૨ હેઠળ સામાવાળા નં.૧ ના એ અરજદારને ઉચ્ચક **રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)** વળતર પેટે ચુકવવાનો આદેશ કરવામાં આવે છે તથા સામાવાળા નં.૧ નાઓએ આંક ૧૮ મા જણાવેલ અરજદારના દાગીના (૧) કંન્ઠી (૨) જુમંર બુટી (૩) રીંગ (૪) કડી (૫) કંન્ઠી (૬) રીગં (૭) કન્ઠી (૮) બુટ્ટી (૯) બુટ્ટી(આંક ૧૮ મા જણાવેલ છે તે મુજબ) કે જે બેંક ઓફ ઈન્ડીયા ગીરવી મુકવામા આવેલ છે તે તથા અન્ય દાગીના (૧) સાંકળા (૨) કેર (૩) કેડનો જુડો તથા લકકી(આંક ૧૮ મા જણાવેલ છે તે મુજબ) કે જે બાલાજી ક્રેડીટ સપ્રાઈ મંડળીમા ગીરવે મુકેલ છે તે છ માસમા છોડાવી અરજદારને સોપવાનો હુકમ કરવામા આવે છે.

(૬). સામાવાળાએ અન્ય કોઈ દિવાની અથવા ફોજદારી કે ફેમિલિ કોર્ટના હુકમના આધારે કોઈ રકમ અરજદારને ચુકવેલ હોય કે ચુકવવાની થતી હોય તો તે રકમ આ ભરણ–પોષણ ની ચુકવવાની થતી રકમમાંથી બાદ મળવાને હકકદાર છે.

(૭). આ કામના અરજદાર તથા સામાવાળાઓને કલમ–૨૪ મુજબ અદાલતના હુકમની નકલ નિ:શુલ્ક આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૮). સામાવાળા એ જો કોઈ વચગાળાના ભરણપોષણ પેટે કોઈ રકમ અરજદારને ચુકવેલ હોય તો તે રકમ મજરે મેળવવા હકદાર રેહશે.

(૯). ઉપરોકત તમામ હુકમનું ચુસ્તપણે પાલન કરવા તથા હુકમના આધારે પ્રોટેકશન ઓફિસર સહ દહેજ પ્રતિબંધક અધિકારી, અમદાવાદ નાઓને પણ હુકમનું ચુસ્તપણે પાલન અને અમલ થાય તે અંગે પણ જરૂર પડે કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૩ મી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ધોળકા.
તા : ૨૩/૦૪/૨૦૨૬

(પ્રહલાદકુમાર મુળશંકર જોષી )
એડી.જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,ધોળકા.
કોડ નં. જીજે–૦૧૭૧૬.